ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં પુનઃ હાડ ધ્રૂજાવતી ઠંડી : પારો ૭.૭



## ૪૮ કલાકમાં પારો ૯ ડિગ્રી ગગડ્યો ઠંડા પવનો અને આકરી ઠંડીના કારણે વસાહતીઓ હેરાન-પરેશાન

ગાંધીનગર, તા. ૧૫
ઠંડીએ ફરી પોતાનો અસલ મીજાજ દેખાડ્યો છે. રવિવારે એક તબક્કે ૧૬ ડિગ્રી પહોંચી ગયેલો પારો માત્ર ૪૮ કલાકમાં ૯ ડિગ્રી જેટલો ગગડતા લઘુત્તમ તાપમાન ૭.૭ ડિ.સે. નોંધાયુ હતુ. નલીયા બાદ ગાંધીનગર રાજ્યનું કોલ્ડેસ્ટ સીટી બની રહ્યુ હતુ. ખુલ્લા વિશાળ મેદાનો અને નહીવત ટ્રાફિકના કારણે જાણે ઠંડીએ માઝા મુકી હતી.

સમગ્ર ઉત્તર ભારત ઠંડુગાર બની ગયુ છે. હિમાચલ પર્વતમાળાના વિસ્તારોમાં ભારે બરફવર્ષા થઈ રહી છે. જેના કારણે ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં પણ હા થીજવતી ઠંડી પડી રહી છે. છેક મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત સુધી આકરી ઠંડીની અસર રહી છે. આ વિસ્તારોમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાઈ રહ્યુ છે. લઘુત્તમ તાપમાન ગગડતા લોકો આકરી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ગાંધીનગરની વાત કરીએ તો ત્રણ દિવસ અગાઉ ઠંડીમાં ઘણી રાહત મળી હતી. રવિવારે તો લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી જેટલુ રહેતા ગરમ વસ્ત્રો પહેરવામાંથી વસાહતીઓને મુક્તિ મળી હતી. જો કે સોમવારથી વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાયા હતા અને એક તબક્કે એવુ લાગતુ હતુ કે હમણાં વરસાદ તુટી પડશે. પરંતુ ધીમે ધીમે વાદળોનો ઘેરાવો દૂર થતા તડકો નીકળ્યો હતો. વાદળો છુટા પડતાં જ ઠંડીનું જોર એકદમ વધી ગયુ હતુ.

(અનુ. સાતમા પાને)

## ઠંડી હજુ વધુ આકરી થશે

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર શહેર સહિત સમગ્ર ગુજરાતમાં આગામી દિવસોમાં કડકડતી ઠંડી પડશે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે જાન્યુઆરીના અંત સુધી ઠંડીમાં રાહતના કોઈ એંધાણ નથી.

હમણા ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે ત્યારે ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં હજુ પણ જાન્યુઆરીના આવનાર દિવસો તેમજ ફેબ્રુઆરીમાં પણ સખત ઠંડી પડવાની સંભાવના છે. આગામી દિવસોમાં બ્રિટન સહિત યુરોપમાં અનરાધાર બરફવર્ષા થાય, ફ્રાન્સ, અમેરીકામાં પણ વાવાઝોડા અને બરફના તોફાન થાય, એશીયા ખંડમાંથી આવતા ઠંડા પવનોના લીધે ભારતના ગુજરાત સહિત ઉત્તર મધ્ય ભાગે પણ સખત ઠંડીની લપેટમાં આવી જાય, દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા, બરફના તોફાનો, ભુસ્ખલનની પણ સંભાવના રહે. લેહ, લદાખ ઠંડાગાર બની જાય, જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશ, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં સખત ઠંડી પડશે. ગુજરાતના ભાગોમાં પણ તા. ૧૬ થી ૨૪ માં કાતીલ ઠંડી ગાત્રો ધ્રુજાવશે.

(અનુ. સાતમા પાને)

### શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન

## શહેરમાં ૨૦ હજારથી વધુ બાળકોને સ્થળ પર સારવાર આપવી પડી

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર શહેરમાં વિવિધ શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ૨૦ હજાર જેટલા બાળકોને સ્થળ પર જ સારવાર આપવી પડી છે.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ એ આરોગ્ય વિભાગનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ કાર્યક્રમ દરમ્યાન શરદી, કફ, ઉધરસની બિમારીથી પિડાતા બાળકો સારી એવી સંખ્યામાં મળ્યા હોવાથી સ્થળ પર સારવાર આપવી પડી હોય તેવા બાળકોની સંખ્યા થોડીક જરૂર વધારે નોંધાઈ હોવાનું તંત્રના સૂત્રોએ આડકતરી રીતે સ્વીકાર્યુ છે.

શહેરમાં આ કાર્યક્રમ અંતર્ગત ૨૪૨ શાળાઓ આવરી લેવાના આયોજન સામે અત્યાર સુધીમાં ૧૫૧ જેટલી શાળાઓ આવરી લેવામાં આવી છે. ૪૦,૧૫૩ બાળકોના આરોગ્યની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે. આ કાર્યક્રમમાં ૬૩,૧૯૦ બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક છે.

મળતી વિગતો પ્રમાણે આ ચકાસણી દરમ્યાન પાંડુરોગથી પિડાતા બાળકો ૧૦,૪૭૩ મળી આવ્યા છે. જ્યારે આંત્રકૃમિથી પિડાતા બાળકો ૧૫૭૭ મળી આવ્યા છે. નાક-કાન-ગળાની બિમારી ધરાવતા ૨૬૭, ચામડીના રોગ ધરાવતા ૯૧૩ બાળકો અને અસ્થિ રોગ ધરાવતા ૨ બાળકો મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચશ્માની જરૂરિયાત ધરાવતા ૧૮૩ બાળકો મળી આવ્યા છે. આ પૈકી ૫૬ બાળકોને ચશ્મા આપી દેવામાં આવ્યા છે. શહેરમાં શારીરિક રીતે નબળાઈ ધરાવતા બાળકોની સંખ્યા જોઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે અને તેણે આ માટે તેમના વાલીઓમાં જાગૃતિ આવે તેના પ્રયાસો શું કરવા જોઈએ તે દિશામાં પોતાનુ મન બનાવી લીધુ છે. આ અંગેના આગામી કાર્યક્રમો પણ તૈયાર કરી દેવામાં આવ્યાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

## એક પતંગ પર ૧૬ દેશી તુક્કલ !



સેક્ટર-૫-સીમાં પતંગબાજ મિત્રોએ મળીને એક ધાબેથી એક જ પતંગ પર ૧૬ તુક્કલ ચડાવી હતી. આ પતંગબાજોમાં મેહુલ છત્રીવાલા, જયશીલ પટેલ, વિવેક પટેલ, વત્સલ શાહ, હિતેશ પ્રજાપતિ, વિજય ઠાકોર વગેરેનો સમાવેશ થાય છે અને પતંગબાજોની ખાસિયત એ છે કે તેઓ ક્યારેય ચાઈનીઝ દોરી કે ચાઈનીઝ તુક્કલનો ઉપયોગ કરતા નથી. છેલ્લા ૧૭ વર્ષથી આજે ઉત્તરાયણ ઉજવતા આ પતંગબાજ મિત્રો અગાઉ પણ ૧૫ થી ૨૨ જેટલી તુક્કલ એક જ પતંગ પર ચગાવી ચુક્યાં છે.

## સરકારી સહાય માટે જિલ્લાના ૬૬ હજાર ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજી

### ૧૧૬ ગામના ખેડૂતોને રૂ. ૬૮૦૦ લેખે અને બાકીના ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે સહાય ચૂકવવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલ નુકશાન અંગે સરકારે જાહેર કરેલ પેકેજની સહાય મેળવવા માટે ૬૬,૯૪૯ ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

આમ તો આ સહાય માટે અરજી કરવાની અંતિમ મુદત ૩૧ ડિસેમ્બર હતી પરંતુ રવિ સીઝનની વાવણીને ધ્યાને રાખી સરકારે આ મુદત વધારીને ૧૫ જાન્યુઆરી કરી હતી. જિલ્લામાં મળેલ આ અરજીઓ પૈકી ૨૯ હજારથી વધુ ખેડૂતોને રૂ. ૧૫ કરોડથી પણ વધુ રકમની સહાય તંત્ર દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં સીધી જમા આપી દેવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અરજીઓનો ઝડપથી નિકાલ થાય તે માટે જરૂરી આયોજન કરી દેવામાં આવ્યુ છે અને આગામી એક સપ્તાહમાં તમામ મળવાપાત્ર અરજદારોને સહાય ચૂકવાઈ જાય તે પ્રકારે સમગ્ર આયોજન ગોઠવી દેવામાં આવ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે કમોસમી વરસાદ નોંધાયો હતો તેવા ૧૧૬ ગામના ખેડૂતોને રૂ. ૬૮૦૦ લેખે અને બાકીના ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે સહાય ચુકવવાનો નિર્ણય સરકારે કરેલો છે.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ખેડૂતોની જે અરજીઓ મળી છે તે ધ્યાને લેતાં રૂ. ૩૪ કરોડ ૪૩ લાખથી વધુ રકમની સહાય ચૂકવવામાં આવશે. આ પૈકી ૨૯ હજાર ખેડૂતોને ૧૫ કરોડથી વધુની સહાય ચુકવાઈ ગઈ છે. મોટા ભાગના ખેડૂતોના બિલ તૈયાર થઈ ચુક્યા છે અને તે પૈકી ૪૫ હજાર ખેડૂતોના બિલ ટ્રેઝરી તરફ મોકલી આપવામાં આવ્યા છે.

# શહેરમાં દોરીથી ૨૭ ઘવાયા, ૪ ધાબેથી પટકાયા

ગાંધીનગર, તા.૧૫
ઉતરાયણની મજા ક્યાંક સજામાં ના ફેરવાઈ જાય તે માટે તંત્ર દ્વારા સતત પોતાની સલામતી માટે ધ્યાન રાખવા માટે જણાવવામાં આવે છે. પતંગની કાતિલ દોરીથી પક્ષીઓ તો ઘાયલ થાય છે. પરંતુ આ દોરીથી બાઈક ચાલકો પણ ઈજાગ્રસ્ત બને છે. ટુ-વ્હીલર લઈને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોના ગળાના ભાગે અચાનક દોરી આવી જતા ચાલક લોહી-લુહાણ થઈ જાય છે. તો ક્યારેક આ પતંગની દોરી નાગરીકનું મૃત્યું પણ નિપજાવી શકે છે. ગળાના ભાગે દોરી વાગતા કેટલાકના મોત થયાના કિસ્સા પણ આપણી સામે છે. ત્યારે ઉતરાયણ પર્વમાં ગાંધીનગર શહેરના વિવિધ માર્ગો પર અચાનક દોરી આવતા ટું-વ્હીલર લઈને પસાર થતા ૨૭ નગરજનો દોરીથી ઘવાયા છે. તો પતંગ ચગાવવાની મજામાં ભાન ભુલેલા અને પગ લપસી જતા પતંગ રસિયાઓ ધાબા-પતરા પરથી નીચે પટકાયાના ૪ કિસ્સા સામે આવ્યા છે. છેલ્લા બે દિવસમાં તમામ ઈજાગ્રસ્તોએ સિવિલમાં સારવાર મેળવી છે. જયારે દોરીથી ઘાયલ થયેલા પતંગબાજમાં બે ત્રણને તો ૭ થી વધુ ટાંકા લેવા પડ્યા હતા. જયારે ધાબા પરથી પટકાયેલામાં એક નાગરીકને વધુ ઈજા પહોંચતા અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યો હતો.

ઉતારાયણ પર્વના દિવસોમાં પણ ગાંધીનગર સિવિલનો તાત્કાલીક વિભાગ ધમધમતો રહ્યો હતો. શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતા ૨૭ પતંગબાજોનો ગળાના-મોઢાના ભાગે દોરી આગતા ગંભીર રીતે ઈજા પહોંચી હતી. દોરી વાગતા ઈજા પામેલાઓને ટાંકા લેવાની ફરજ પડી હતી. ઉતરાયણનો ઉત્સાહ દોરી વાગતા નિરાસામાં ફેરવાઈ ગયો હતો. ઉતરાયણ પર્વમાં શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતા વાહનચાલકોને ગળાના-મોંઢાના ભાગે દોરી વાગતા ગંભીર ઈજાઓ પહોંચી છે. તો બીજીતરફ ઉતરાયણમાં ધાબા પર પતરા પર પતંગ ચગાવવાની મોજમાં પગ લપસી જતા નીચે પટકાયાના ચાર કિસ્સા ગાંધીનગરમાં નોંધાયા છે. પતંગની મોજમાં અતિ ઉત્સાહમાં આવી ગયેલા પતંગબાજો નીચેની તરફ નજર સુધ્ધા નાંખતા નથી. પતંગ રસિયાઓને તંત્ર દ્વારા હરહંમેશ સાવચેતી રાખીનો ઉતારાયણ પર્વની ઉજવણી કરવાની અપીલ કરે છે. તેમ છતા કેટલાક નાગરીકો પતંગ ચગાવવાના અતિ ઉત્સાહમાં ધાબા કે પતરા પરથી નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જેમાં એક ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવ્યો છે. ત્યારે ઉતારાયણના બે દિવસના તહેવારમાં ૨૭ નાગરીકો દોરીથી ઘવાયા છે તો બીજીતરફ ૪ નાગરીકો ધાબા-પતરા પરથી પટકાયાના સામે આવ્યા છે. જયારે પિંડારડાના ૧૨ વર્ષિય યુવકનું કરંટ લાગવાથી મૃત્યું નિપજયું હોવાનું સામે આવ્યું છે.

## ચાઈનીઝ તુક્કલ અને દોરી હજુ દેખાય છે

ચાઈનીઝ તુક્કલ અને દોરી પર રાજય સરકાર અને પોલીસ દ્વારા જાહેરનામા જારી પ્રતિબંધ લાદયો હોવાછતાં તે બિન્દાસ્ત પણ માર્કેટમાં વેચાતાની સાથે સાથે ઊતરાયણ અને વાસીઊતરાયણના તહેવાર દરમ્યાન પતંગરસિયાઓ અને પ્રજાજનો દ્વારા ચગાવાતાં જોવા મળ્યા હતા. એટલું જ નહી, ચાઈનીઝ દોરીના કારણે અમદાવાદ શહેરમાં રાજયભરમાં કેટલાય લોકોના ગળા કપાવાથી ગંભીર ઈજાઓ અને મૃત્યુની અનેક ઘટનાઓ પણ સામે આવી હતી.

## સીએએનાં સમર્થન અને વિરોધ પતંગ સાથે ચગ્યાં

આ વખતે ઊતરાયણના તહેવાર દરમ્યાન એકબાજુ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, અમુક ધારાસભ્યો-સંસદસભ્યો અને સ્થાનિક નેતાઓ દ્વારા સીએએ, એનઆરસી અને એનપીઆરના સમર્થનમાં પતંગો ચગાવવામાં આવ્યા હતા. વી સપોર્ટ લખેલા પતંગો ચગાવી સીએએ સહિતના આ મુદ્દાઓ પર ભાજપે લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો હતો તો, બીજીબાજુ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રવકતા ડો.મનીષ દોશી, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના નેતાઓ અને આગેવાનોએ સીએએ, એનઆરસી અને એનપીઆરનો વિરોધ કરતાં પતંગો આકાશમાં ચગાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

## પીંડારડામાં પતંગ ચગાવવા ધાબે ગયેલા યુવકનું કરંટ લાગતા મૃત્યુ

ગાંધીનગર શહેરને અડીને આવેલા પીંડારડા ગામની સીમમાં સ્થિત હુડકોના મકાનમાં પોતાના માસાને ત્યાં ઉતરાયણ કરવા ગયેલા કિશોરનું મૃત્યું નિપજયું છે. મકાનના ધાબા પરથી પસાર થઈ રહેલ ૧૧૦૦ વોટની વિજ લાઈનમાંથી અચાનક કિશોરને કરંટ લાગતા કિશોર ધાબા પર પટકાયો હતો. કિશોરની બુમને પગલે તાત્કાલીક ઘરના સભ્યો ધાબા પર ગયા હતા. બનાવને પગલે યુવકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા પરંતુ હાજર તબીબે ચકાસીને કિશોરને મૃત જાહેર કર્યો હતો. ઉતરાયણના પર્વમાં નાનાકડા કિશોરના મૃત્યુંને પગલે પરિવાર અને ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

પીંડારડા એસઆર પેટ્રોલ પંપની સામેના ભાગમાં રહેતો વસવાટ કરતો ૧૨ વર્ષિય કિશોર દિગ્વિજયસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા ઉતરાયણ કરવા માટે પોતાના માસાને ત્યાં હુડકો વસાહતમાં રહેતા તેના માસાને ઘરે ગયો હતો.ઉતરાયણમાં સવારના સમયે દિગ્વિજયસિંહ પતંગ ચગાવવા માટે પોતાના માસાના ઘરના ધાબા પર ગયો હતો. ત્યારે આ હુડકોના મકાનો પરથી જીઈબીની ૧૧૦૦ કિલોવોટની લાઈન પસાર થાય છે. આ લાઈનમાંથી અચાનક કરંટ કિશોરને લાગતા તે ધાબા પર ફેંકાઈ ગયો હતો.

ધાબા પરથી અચાનક જોરથી અવાજ આવતા ઘરના તમામ સભ્યો ધાબા પર પહોંચી ગયા હતા. ૧૧૦૦ કિલો વોટની લાઈનમાંથી કિશોરને કરંટ લાગતા તેનું ઘટનાસ્થળે જ મૃત્યું નિપજયુ હતું.બનાવને પગલે કિશોરને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ હાજર પરના તબીબે ચકાસીને કિશોરને મૃત જાહેર કર્યો હતો.

**ગાંધીનગર માટે**
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
**ફક્ત ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

**દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ.ભાવનાબેન નવિનચંદ્ર ધ્રુવ**
સ્વ.તા.૧૫-૧-૨૦૧૮

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પૂત્રવધૂઓ)
રોનક (પૌત્ર) - પૂજા (પૌત્રવધૂ), રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રીઓ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગણેશાય નમઃ ૐ નમઃ શિવાય **જાહેર આમંત્રણ** શ્રી કુળદેવી માતાય નમઃ શ્રી સદ્‌ગુરૂ દેવાય નમઃ
॥ સુંદરધામ ॥ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મહારાજ
**છઠ્ઠો પાટોત્સવ મહોત્સવ**
મંગલકારી પ્રથમ દિવસ તા.૧૫-૧-૨૦૨૦, બુધવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી ગોગા મહારાજનો યજ્ઞ
મંગલકારી બીજો દિવસ તા.૧૬-૧-૨૦૨૦, ગુરૂવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી માતાજીનો યજ્ઞ




શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર) શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
મહાપ્રસાદ તા.: ૧૭-૦૧-૨૦૨૦ સમય : સાંજે ૫-૩૦ કલાકે
પુણ્યકારી ત્રીજો દિવસ તા.૧૭-૧-૨૦૨૦, શુક્રવાર સમય : બપોરે ૧૨-૩૦ કલાકે
ભજનભાવ : અલગ-અલગ મંડળો દ્વારા ભજન ગવાશે.
આનંદનો ગરબો : અલગ-અલગ માં ના ભક્તો દ્વારા આનંદનો ગરબો.
શ્રી ભારતીબાપુ અને શ્રી દિલીપ ગુરૂજીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.
શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર), શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
જાહેરાત સૌજન્ય
www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com